# જાણીતા અર્થશાસ્ત્રીની ચેતવણી : ભારતની આર્થિક નીતિ ખોટે પાટે છે?

'આર્ટીફિશયલ ઇન્ટેલિજન્સની દિલ્હીમાં આંતરરાષ્ટ્રિય સમિટ સંપન્ન થઈ અને તેમાં દુનિયાભરના ટેક્નોલોજીના માંધાતાઓ ઉપસ્થિત રહ્યા; તે દેશ માટે ગૌરવભરી ઘટના છે. પરંતુ સમિટમાં ગલગોટિયા યુનિવર્સિટી અને અન્ય છબરડાંથી એટલું પણ જાણવું જરૂરી છે કે 'એઆઈ'ની ધરાતલ પર દેશ ખરેખર ક્યાં ઊભો છે. 'એઆઈ' વિના ભારત જેવાં અતિ વસતી ધરાવનારા દેશોને પણ ચાલવાનું નથી. અમેરિકા અને યુરોપના વિકસિત દેશો તો 'એઆઈ'ને લઈને ખૂબ આગળ વધી ચૂક્યા છે અને ચીન પણ 'એઆઈ'માં જંગી રોકાણ કરી રહ્યું છે. ભારત આ સ્પર્ધામાં હવે ઉતર્યું છે અને સરકાર પણ લાલ જાજમ પાથરવા તૈયાર છે. પરંતુ ભારતની સ્થિતિ આ વિશે ખરેખર શું છે? તે અંગે ખૂબ લખાઈ-બોલાઈ રહ્યું છે; પરંતુ દક્ષિણ કોરિયાના અર્થશાસ્ત્રી અને શિક્ષણવિદ્




હા-જુન-ચેન્ગે ભારતની હાલની આર્થિક સ્થિતિ અને ઇતિહાસની કેટલીક વાતો એક ઇન્ટરવ્યૂમાં મૂકી છે. હા-જુનચેન્ગ દુનિયાની અગ્રગણ્ય યુનિવર્સિટીમાં ભણાવે છે અને સાથે સાથે તેઓ 'વર્લ્ડ બેન્ક' અને 'એશિયન ડેવલપમેન્ટ બેન્ક'ના માર્ગદર્શક પણ રહી ચૂક્યા છે. અર્થશાસ્ત્ર અંગે તેમના પુસ્તકોની સંખ્યા બારથી વધુ છે. આંતરરાષ્ટ્રિય સ્તરે અર્થશાસ્ત્રી તરીકે જાણીતું નામ હા-જુન-ચેન્ગ ભારત વિશે જે કહે છે તે જાણવા જેવું છે.

તેમને પ્રથમ પ્રશ્ન એ પૂછવામાં આવ્યો કે આ વર્ષની શરૂઆતમાં અમેરિકાના પ્રેસિડન્ટ ટ્રમ્પના 'લિબરેશન ડે' ટેરિફના મુદ્દે તમે એક મેગેઝિનને કહ્યું હતું કે, 'મુક્ત વેપાર તરફ પરત ફરવું ન જોઈએ'. અર્થશાસ્ત્રીઓ, નીતિ-ઘડનારા, પાછલા ત્રણ દાયકામાં ભારતમાં અને એશિયામાં વયસ્ક થનારી પેઢી માટે મુક્ત વેપાર અને વૈશ્વિકીકરણે વિકાસને આગળ ધપાવ્યો છે. તો પછી વિશ્વએ મુક્ત વેપાર તરફ કેમ આગળ ન વધવું જોઈએ? આ પ્રશ્નનો ઉત્તર હા-જુન-ચેન્ગ એ રીતે આપે છે જાણે તેઓ ભારતની આર્થિક નીતિ-સ્થિતિના ખૂબ જાણકાર હોય. તેઓ કહે છે કે, 'આંતરરાષ્ટ્રિય વેપારમાં ભાગ લેવો, વૈશ્વિક બજારમાં નિકાસ કરવામાં સક્ષમ થવું, આર્થિક વિકાસ માટે જરૂરી છે. કારણ કે એક વિકાસશીલ દેશ તરીકે, તમારે ઉન્નત તકનીકનું આયાત કરવું પડે છે - પછી તે મશીન સ્વરૂપે હોય, ઉત્પાદન દરમિયાનનું ઇનપુટ કે પછી ટેક્નોલોજીનું લાયસન્સ હોય- અને તમારે આ સેવા માટે વિદેશી ચલણમાં ચૂકવણું કરવું પડે છે. [જેમ આપણે ડૉલરમાં ચૂકવણું કરીએ છીએ.] આંતરરાષ્ટ્રિય વેપાર વિના આર્થિક વિકાસ શક્ય નથી.'

હવે આગળ કહે છે તે આપણા દેશના સંદર્ભમાં અગત્યનું છે. તેઓ કહે છે કે 'પરંતુ આ મુક્ત વેપાર જેવું નથી. જો કેટલાક હદ સુધી વેપારી બંધનો હોય, ત્યારે જ તમે નિકાસ કરી શકો છો. દાખલા તરીકે, 'ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ' [જીડીપી]નું પ્રમાણ જોઈએ તો આંતરરાષ્ટ્રિય વેપાર 1980ની સરખામણીએ 1970ના અરસામાં અનેક ગણો ઝડપથી વધ્યો, જ્યારે 1980ના દાયકામાં વ્યાપક ઉદારીકરણ થયું હતું. કારણ કે વેપારની મર્યાદાઓ રાખવી તે અનેક કારણોમાંનું એક કારણ છે - જે વેપારને નિર્ધારીત કરે છે. પરંતુ તેનાથી પણ અગત્યની વાત એ છે કે વિકાસશીલ દેશ મુક્ત વેપારની સાથે વિકસિત ન થઈ શકે. હું આવું ઐતિહાસિક ઘટનાઓ અને સિદ્ધાંતની રીતે જણાવું છું. દક્ષિણ કોરિયા 1960ના દાયકાની આરંભમાં એક ખૂબ ગરીબ દેશ હતો. 1961માં ભારતની સરેરાશ આવક 88 ડોલર હતી અને દક્ષિણ કોરિયાની 94 ડોલર.

મૂળે વિકાસનું સ્તર સમાન હતું. પરંતુ દક્ષિણ કોરિયા ઓટોમોબાઈલ, શિપિંગ, ઇલેક્ટ્રોનિક્સ જેવાં ઉદ્યોગોમાં અગ્રગણ્ય બનવા માંગતું હતું. સ્વાભાવિક રીતે જ્યારે દક્ષિણ કોરિયામાં આ ઉદ્યોગોની શરૂઆત કરવામાં આવી ત્યારે ઘરઆંગણે એ ઉદ્યોગોને ખૂબ જ સંરક્ષણ આપવું પડ્યું, નહીં તો તે ઉદ્યોગોનો અંત આવી જતો.' 'ઉદાહરણ તરીકે જોઈએ તો, જ્યારે દક્ષિણ કોરિયાએ પોતાની ડિઝાઈનની કારોનું ઉત્પાદન શરૂ કર્યું ત્યારે દેશમાં કાર નિર્માણ કરનારી સૌથી મોટી કંપની હ્યુંડાઈ હતી. 1976માં હ્યુંડાઈ કંપનીએ 10,000 કારો નિર્માણ કરી હતી. તે જ વર્ષે ફોર્ડ કંપનીએ 19 લાખ કારોનું ઉત્પાદન કર્યું હતું. જનરલ મોટર્સ કંપની દ્વારા અંદાજે 48 લાખ કારનું ઉત્પાદન કર્યું હતું. જો તે સમયે દક્ષિણ કોરિયામાં કારના ક્ષેત્રમાં મુક્ત વેપાર હોત, તો હ્યુંડાઈનું કોઈ જ અસ્તિત્વ રહ્યું ન હોત. તે માટે 1988 સુધી દક્ષિણ કોરિયાઈ સરકારે ન માત્ર ઊંચો ટેરિફ લગાવ્યો, બલકે તમામ વિદેશી કારની આયાત પર પ્રતિબંધ લગાવ્યો હતો. 1988 સુધી જાપાનની કાર પણ દક્ષિણ કોરિયામાં આવી શકતી નહોતી. સાથે સાથે સરકારે પરોક્ષ-અપરોક્ષ રીતે ખાસ્સી એવી સબસિડી પણ ઉદ્યોગોને આપી હતી. આને 'ઇન્ફેન્ટ ઇન્ડસ્ટ્રી પ્રોટેક્શન'[શિશુ ઉદ્યોગ સંરક્ષણ] કહેવામાં આવે છે. દક્ષિણ કોરિયાઈ સરકારે આ જ પ્રકારના ઉપાયોથી ઑટોમોબાઈલ, ઇલેક્ટ્રોનિક્સ, જહાજ નિર્માણ અને અન્ય ઉદ્યોગોનો વિકાસ કર્યો છે.'

**ઇન સાઇડ આઉટ સાઇડ**
**કિરણ કાપૂરે**

ઇન્ટરવ્યૂ લેનારા રોહિત ઇનાની આગળ હા-જુન-ચેન્ગને પ્રશ્ન કરે છે કે, '1991માં આર્થિક ઉદારીકરણ અગાઉ ભારતે પણ સંરક્ષણ આપવાનો ઉપાય અજમાવ્યો હતો. તે રીતે જોઈએ તો ક્યાં ભૂલ થઈ છે?'ઉત્તર : 'ભારતમાં 1980ના દાયકા સુધી ઉદ્યોગોને સંરક્ષણનો ઉપયોગ અસ્તિત્વ ધરાવનારા ઉત્પાદકોને સુરક્ષિત રાખવા માટે કર્યો હતો. તેનો ઉદ્દેશ ન તો તેમનું ઉત્પાદન વિકસાવવા માટે હતો, ન વૈશ્વિક સ્તરે હરિફાઈના યોગ્ય બનાવવા અર્થે. દાખલા તરીકે ભારતના કાર ઉદ્યોગોને જોશો તો અગાઉ ભારત સરકારનો ખ્યાલ હતો કે સારી અને અત્યાધુનિક કાર નિર્માણ કરવું તે પશ્ચિમના ઉપભોગવાદ સામે શરણ ટેકવા જેવું હતું. એ માટે લાંબા સમય સુધી ભારતમાં તે જ એમ્બેસેડર કાર નિર્માણ થતી રહી. 1950ના દાયકા સુધી એ યોગ્ય હતું, કારણ કે ત્યારે મહદંશે કાર એવી જ હતી. પરંતુ 1980ના દાયકામાં તે કાર મજાક બનવા લાગી. અંતે શ્રેષ્ઠ કારો ઉપલબ્ધ કરાવવા માટે સુઝુકી અને અન્ય જાપાની કંપનીઓને આમંત્રણ આપવું પડ્યું. એ રીતે સંરક્ષણનો અર્થ સરતો નથી. સંરક્ષણ ત્યારે જ કામ આવે છે જ્યારે તેનો ઉપયોગ નવા ઉદ્યોગોને વિકસિત કરવા માટે કરવામાં આવે. જેથી તેઓ આગળ વધીને વૈશ્વિક બજારમાં નિકાસ કરી શકે અને હરિફાઈ કરી શકે.'


પ્રજા તરીકે આપણે જેટલું રાજકીય બાબતોને મહત્ત્વ આપીએ છે તેટલું સરકારની આર્થિક નીતિ પર આપતા

**અમેરિકા અને યુરોપના વિકસિત દેશો તો 'એઆઈ'ને લઈને ખૂબ આગળ વધી ચૂક્યા છે અને ચીન પણ 'એઆઈ'માં જંગી રોકાણ કરી રહ્યું છે. ભારત આ સ્પર્ધામાં હવે ઉતર્યું છે અને સરકાર પણ લાલ જાજમ પાથરવા તૈયાર છે**

નથી. સરકારની નીતિ કેવી રીતે લાંબાગાળાનું નુકસાન કરી શકે છે તે હા-જુન-ચેન્ગ આગળના પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે, 'ઘણા વિકાસશીલ દેશોએ 'પ્રિમિચ્યોર ડિ-ઇન્ડસ્ટ્રલાઇઝેશન'નો અનુભવ કર્યો છે. પરંતુ હું કહીશ કે ભારતે ખરા અર્થમાં ઓદ્યોગિકીકરણનો અનુભવ જ કર્યો નથી. 1960ના દાયકામાં ભારતની 'ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ'માં મેન્યુફેક્ચરિંગનો હિસ્સો 14 ટકા હતો, તે વધીને 2000ના વર્ષમાં દર 18 ટકા સુધી પહોંચ્યો. અને આજે તે દર 12 થી 13 ટકા સુધીનો રહ્યો છે. હવે આને મુકાબલે બ્રાઝિલને જોઈએ તો 1980 સુધી 'જીડીપી'માં મેન્યુફેક્ચરિંગનો હિસ્સો 35 ટકા સુધીનો હતો. જે હવે ઘટીને 10 ટકા થયો છે. જોકે ભારતને આ 'જીડીપી'માં આ હિસ્સો જાળવવા ખાસ્સી મશક્કત કરવી પડે છે, જે 2000ના વર્ષમાં હાંસલ કર્યો હતો.'

આ લાંબા ઇન્ટરવ્યૂમાં અનેક પ્રશ્નો પૂછાયા તેમાં ભારતની પીછેહઠ ઊંડીને આંખે દેખાય એવી છે, જેમ કે હા-જુન-ચેન્ગને 'મેક-ઇન-ઇન્ડિયા'સહિત ભારતની આર્થિક મુદ્દાની નિષ્ફળતા અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેઓ કહે છે કે, 'મારું માનવું છે કે તેનો સંબંધ રાજકીય અર્થવ્યવસ્થા સાથે છે. તમારા ઉદ્યોગપતિ વ્યાપક ઉદ્યોગીકરણ નથી ઇચ્છતા. આ વગદાર ઉદ્યોગપતિઓ ફાઇનાન્સિઅલ સેક્ટરમાં હોય કે પછી ઇન્ડસ્ટ્રીઅલ સેક્ટરમાં. તેમનો મજબૂત સંબંધ આર્થિક મૂડી સાથેનો છે અને તે કારણે તેઓ ઇન્ડસ્ટ્રીઅલાઇઝેશન નથી ઇચ્છતા. તેમના માટે સૌથી અગત્યનું તેમના નફાનું વળતર છે. જો તમારે ટૂંક સમયમાં એક મજબૂત આધાર વિકસિત કરવાનો હોય તો તમારે આર્થિક રીતે કેટલીક મર્યાદાઓનો સામનો કરવો પડે છે. કારણ કે શેરધારકો સમયાંતરે તેમના રોકાણનું રિટર્ન માંગે છે. આ કિસ્સામાં કંપનીઓ પાસે પૂરતી મૂડી બચતી નથી.'તેઓ કહે છે કે ભારતમાં એક સમયે મોટાં ઉદ્યોગો નિર્માણ કર્યા હતા, પરંતુ તે પછીથી તેની કોઈ મહત્ત્વકાંક્ષા દેખાતી નથી.

સરકાર ઉદ્યોગોને વિકસાવવા ઇચ્છતી હતી, પરંતુ તે પ્રત્યે કોઈ એવા ડગ ન માંડ્યા. આવું તો ઘણું છે જે હુ-જેન-ચેન્ગના ઇન્ટરવ્યૂમાં આપણી સમક્ષ આવે છે. સંપૂર્ણ ઇન્ટરવ્યૂ ફ્રન્ટલાઇન મેગેઝિન પર ઉપલબ્ધ છે. •



## હવે દરેક ફૂલ સૂરજમુખી નહીં દિલ્હીમુખી!

તાનસેન, બિરબલ, ગાલિબ એ બધા એક વાર રાજધાની દિલ્હીમાં આવ્યા પછી નક્કી કરી લીધું હતું કે હવે તો દિલ્હીની ગલીઓમાં જ મરીશું. ત્યારથી દેશનો દરેક પ્રતિભાશાળી લેખક, કવિ, નેતા, તંત્રી, પત્રકાર, વિવેચક, કલાકાર, ચિત્રકાર એ બધાનું રાજધાની દિલ્હીમાં જવાનું અને ત્યાં રહેવાનું, પ્રખ્યાત થવાનું સપનું મગજમાં ઘુમવા માંડ્યું. એ લોકોના મનમાં દિલ્હીના ઊંચા હોદ્દા પર પહોંચવાનો સપનાંનો કુતુબમિનાર બનવા માંડ્યો.

ધીમે ધીમે દિલ્હી સૌના માટે જાણે લોકશાહીનો મોટો મંચ, એક બીજાના ટાંટિયા ખેચવાનું છેલ્લું સ્થાન, કાલ્પનિક વૃક્ષોનો બગીચો બની ગયું. દિલ્હીમાં હોદ્દો, માન અને ચૂંટણીની ટિકિટો ઝાડ પર લટકતી હોય છે. દિલ્લીમાં ધુતારાઓ માટે અલગ અલગ સંસ્થાઓના ઢાબા ખુલ્લા છે. ત્યાં સંસદભવન નામનો એક ચબૂતરો એવા કબૂતરો માટે છે જે કોઈ પણ રીતે દેશના રાજકારણના આકાશમાં ઊડતા રહેવા માંગતા હોય. ધીમે ધીમે દરેક વાહિયાત માણસ એના શહેર, નગર કે ગામમાં રહીને આખી દિલ્હીને પોતાની પીઠ પર લઈને ફરવા લાગ્યો. જાણે દિલ્હીમાં બધાનાં સપનાનું લોકર બની ગયું છે.

બધા સંતો સ્પષ્ટપણે કહે છે કે એમને રાજકારણ સાથે કોઈ લેવાદેવા નથી, છતાં બધા જ સંતો દિલ્હી વસવા માંડ્યા છે ને ત્યાં પત્રકાર પરિષદો યોજીને એલાન કરે છે કે એમને કોઈની જરૂર નથી પણ આખરે તો દિલ્હીના વિરોધીઓ જ ફેલાઈને દિલ્હીની ખુરશીઓ પર બેસી ગયા છે.

દરેક શહેરમાં દિલ્હીનું સપનું જોનાર દરેક વ્યક્તિ દિલ્હી દરવાજામાંથી પસાર થઈને પોતાના મુકામ સુધી પહોંચવાનું વિચારે છે. દિલ્હી બધી ટ્રેનોનું છેલ્લું સ્ટેશન બની ગયું છે. ગામડાની પંચાયતોમાં જે છોડ ઊગ્યા હતા એમને મોટા થયા પછી દિલ્હીમાં કાપવામાં આવ્યા. જેમનો ગામડાંની સભામાં પહેલી વખત અવાજ બુલંદ થયો હતો એણે દિલ્હીમાં એનું છેલ્લું સોલો પર્ફોર્મન્સ આપ્યું હતું. જેમને પોતાના જ શહેરમાં ધુત્કારવામાં આવતા હતા તેઓ દિલ્હીમાં

**એક માસૂમ દિલ્હી દરેક નાના શહેરની છાતીને રોંદતું રહે છે. દિલ્હીધર્મી તિકડમબાજ માણસ નાના શહેરના સાહિત્ય, સંસ્કૃતિ અને રાજકારણમાં ફેણ ફેલાવીને છવાઈ જાય છે ને ધાક જમાવે છે. દિલ્હી અરીસો નથી, તે માત્ર કાચ છે. નિરાશ લોકોનું વ્યસન છે**

પ્રખ્યાત થઈ ગયા. દિલ્હી શનિ, મંગળ, રાહુ, કેતુની જેમ સાથે આપણી કુંડળીમાં ઘૂસી ગયું છે જે સૌનું ભાગ્ય ઘડે છે.

લોકોની લાગણીઓ સાથે રમત કરી પૈસા બનાવવાની કોશિશમાં રહેતા લોકો આખરે રાજઘાટમાં ગાંધીજી પાસે પહોંચી જાય છે. એકલતાના દર્દીઓ માટેનો વોર્ડ છે, કનોટ પ્લેસ! જ્યાં ફરતા ફરતા કારણ વિનાનું શોપિંગ કે સકારણ ટાઈમપાસ થાય છે.

**શરદ જોશી સ્પીકિંગ**
**સંજય છેલ**

દિલ્હી એક એવો લાડવો છે જેને તમે ન તો ખાઈ શકો છો અને ન તો છોડી શકો છો. દિલ્હી, તમને ધાબળાની જેમ છોડવાની ના પાડતી હોય એમ વળગી રહે છે. દિલ્હી, ઈચ્છાઓની ઊલટી કરી બહાર કાઢવાનું કાયમી વૉશ બેઝીન છે. આત્મા પર શરીર, શરીર પર ખાદી ને ખાદી પર દિલ્હી છવાયેલું છે. દિલ્હી, લાગણીઓમાંથી શબ્દોમાં, શબ્દોમાંથી પુસ્તકોમાં અને આખરે પુસ્તકોનું અર્પણ- સમર્પણ- લોકાર્પણનું સ્થાન છે. દિલ્હી એવી શણગારેલી કેક છે જેને ગુસ્સાની છરીથી ખુશી ખુશી કાપવામાં આવે છે. દિલ્હી બળવાખોરોને ઊંચા હોદ્દા પર બેસાડતી, ક્રાંતિકારીને પુરસ્કાર આપીને શાલ પહેરાવતી, મૃતદેહોને મેડલ વહેંચતી અને સોદાબાજીનું શેરબજાર છે. લોકલાગણીઓથી ખેલાતા સત્તાનાં દલાલોનું એક વિશાળ બજાર છે. દેશનું એવું કાઉન્ટર જ્યાં લોકો જુસ્સાને જમા કરી સરકારી સુવિધાઓ પડાવે છે. આવેશ ભેગો કરીને પેન્શન મેળવે છે. દિલ્હીમાં દેશભરથી આવેલા લોકો પોતાની ખુદ્દારી વેચીને બે ટંક રોટલી મેળવવા માટે લાઈનમાં ઊભા રહે છે.

દિલ્હી રાજનીતિનો છેલ્લો પડાવ છે, ખાટલો ત્યાં જ પથરાશે એટલે જ રાજ્યોના ભૂખ્યા મુખ્ય મંત્રીઓ એમનાં ગરીબ વિમાનમાં બેસીને હાલતા-ડોલતા રોજ ત્યાં પહોંચી જાય છે. સાહિત્યકાર એના મૌલિક વિચારોની પોટલી બાંધીને, રેલવેનાં ડબ્બામાં સૂતા સૂતા દિલ્હી તરફ જાય છે. પોતાની આશાઓનું ચિત્ર પૂર્ણ કરવાની ચિંતામાં ચિત્રકાર પોતાના બગલમાં અધૂરા કેનવાસ દબાવી દિલ્હી તરફ દોડે છે. નાટ્યકારો મુઠ્ઠીભર શુદ્ધ પ્રેક્ષકોને શોધતા અટવાયેલા રહે છે, દિલ્હીની પાગલ, મહત્ત્વાકાંક્ષી ભીડમાં. દિલ્હી એક કાચની બરણી છે, જેમાં પ્રતિભાઓમાં આથો આવે છે ને પછી એમાં એક અલગ જ ટેસ્ટ છે.

દિલ્હી એ લાચાર હાલતનું ગૌરીશંકર શિખર છે, જેના પર ચઢવાનો પ્રયાસ કરનાર દરેક પર્વતારોહક જીવનભર જૂતાંની દોરી બાંધતો નીચે સરકતો રહે છે. જ્યાં ત્યાગી પોતાના માટે પ્રમાણપત્ર શોધે છે અને રંગીન મિજાજી એના ખાનગી સ્વીમિંગપુલને શોધે છે. દેશમાં ગમે ત્યાં તાર જોડવો હોય તો એનો થાંભલો દિલ્હીમાં હોય છે.

પોતાના પાંજરામાં દરેક પોપટ દિલ્હીના લીલાં મરચાં ખાવાનું સપનું જુએ છે. નેતાઓ અહીં ખુરશીને અંતિમ પથારીમાં ફેરવવાના પ્રયાસમાં જોડાયેલા છે ને તબીબી સંસ્થામાં પોતાનાં ફેફસાંની તપાસ કરાવતા ત્યાં જ પડ્યા છે. જે લોકો દિલ્હીમાં પોતાના વતનને શોધે છે તેઓ જોખમી નથી. લાચાર છે, દયાને પાત્ર છે. ખતરનાક તો એ લોકો છે જેઓ હમેશાં દિલ્હીને એમના નાના શહેર અથવા નગરમાં માથા પર લઈને ફરે છે. દિલ્હી એમને છેતરપિંડી કરતા શીખવાડે છે અને તેઓ શહેરના લોકોમાં ભેદભાવની ભાવના ફેલાવે છે. દિલ્હી એમને ભ્રષ્ટ કરે છે, દિલ્હી એમને શબ્દો આપે છે ને પછી તેઓ નાનાં શહેરોમાં એ શબ્દોથી બરાડા પાડે છે. એક માસૂમ દિલ્હી દરેક નાના શહેરની છાતીને રોંદતું રહે છે. દિલ્હીધર્મી તિકડમબાજ માણસ નાના શહેરના સાહિત્ય, સંસ્કૃતિ અને રાજકારણમાં ફેણ ફેલાવીને છવાઈ જાય છે ને ધાક જમાવે છે. દિલ્હી અરીસો નથી, તે માત્ર કાચ છે. નિરાશ લોકોનું વ્યસન છે. આ દેશમાં દરેક ફૂલ સૂરજમુખી નથી હોતું, એ દિલ્હીમુખી હોય છે. એને સૂર્ય સાથે શું લેવાદેવા? આખો વખત એ સતત દિલ્હી તરફ ટાંપી રહે છે ને ધીમે ધીમે સુકાઈ જાય છે. તાનસેન, બીરબલ કે ગાલિબે વિચાર્યું નહોતું કે કદીક, દરેક શાયરી, દરેક રાગની નોંધ દિલ્હીમાં જ લેવાશે, દરેક બુદ્ધિ દિલ્હી પાસે ઈનામ માંગશે ને દરેક ગઝલ તેના છેલ્લા ગીતમાં કહેશેઃ હાય દિલ્હી, હાય દિલ્હી!•

# T20 વર્લ્ડકપ 2026થી પુરવાર થયું કે એસોસિયેટ રાષ્ટ્રો હવે પહેલા જેવા નથી રહ્યા

આ T20 વર્લ્ડકપમાં એસોસિયેટ ટીમોએ ઘણું કાઠું કાઢ્યું છે અને પોતાને લાંબા સમયથી સ્થાપિત પાવરહાઉસની સમકક્ષ ઊભા રહેવાની પોતાની મહેચ્છાને વધુ ઊભારી છે. જોકે આમાંથી કોઈ પણ ક્ષણ આમાંથી કોઈપણ ખેલાડી માટે સંતોષકારક પરિણામ લાવી શકી નથી, તેમ છતાં તે હજુ પણ નોંધપાત્ર હોઈ શકે છે. અંતર ઘટી રહ્યુ છે. અહીં એ નોંધ કરવાની કે ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં એવી આગાહીઓ કરવામાં આવી હતી કે 300 રનનો સ્કોર થશે. મુખ્યત્વે ભારત, ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા પાસે એવા બેટ્સમેન હતા જેઓ સફેદ બોલને ગગનચુંબી છગ્ગા ફટકારવામાં માહેર છે.

ફ્રેન્ચાઇઝી ક્રિકેટ આધુનિક ખેલાડીના વિકાસમાં મોટો ભાગ ભજવે છે. સતત રમતનો સમય. આંતરરાષ્ટ્રીય ક્રિકેટની જેમ દબાણ. અને વાસ્તવિક કાયદેસર મહિમા. T20 લીગનો ફેલાવો એટલો છે કે વર્ષના દરેક મહિના માટે એક ટુર્નામેન્ટ હોય છે અને તેનો અર્થ પ્રતિભાની માંગમાં વધારો થાય છે. જો ટોચનું સ્તર વ્યસ્ત હોય, તો સ્કાઉટ્સ બીજે ક્યાંક શોધે છે અને દીપેન્દ્ર સિંહ એરી જેવા કોઈને શોધે છે. મેદાનમાં લાઈવ વાયર. બેટ સાથે બરફ જેવી ઠંડી. ઇસ્લામાબાદ યુનાઇટેડ માટે એકદમ નવી PSL ભરતી. અથવા તેમનું ધ્યાન એન્ડ્રીસ ગૌસ પર જાય છે. મજબૂત તકનીકી ક્ષમતા જે તેને લાંબી ઇનિંગ્સ માટે પ્રેરે છે, જેમાંથી એક તેણે MI અમીરાત સામે પ્લેઓફ રમતમાં ફરકાવ્યો હતો . તે 120 નોટઆઉટ હવે ILT20 ની ચાર સીઝનમાં સૌથી વધુ સ્કોર છે. પોલ વાન મીકરેન વેસ્ટ ઈન્ડિઝ, બાંગ્લાદેશ, શ્રીલંકા અને યુએઈમાં ફ્રેન્ચાઇઝીનો ભાગ રહી ચૂક્યો છે. તેણે T20 બ્લાસ્ટમાં સમરસેટ સાથે પણ કામ કર્યું છે જ્યારે તેણે મહેલા જયવર્ધને સાથે ડ્રેસિંગ રૂમ શેર કર્યો હતો. આવી તકોએ એસોસિયેટ ખેલાડીઓને તેમના પૂર્ણ સભ્ય સમકક્ષો સાથે વિકાસ કરવામાં મદદ કરી છે, અને હવે જ્યારે તેઓ અસ્પષ્ટતામાં વિતાવેલા સમયનો થોડો ભાગ કિરોન પોલાર્ડ અથવા ડેવિડ વોર્નર જેવા સાથે ગાળે છે, ત્યારે તેઓ વર્લ્ડકપમાં વધુ સારી રીતે સજ્જ થાય છે.

નેપાળ એક અઠવાડિયા પહેલા ઇંગ્લેન્ડને હરાવવાની સાવ નજીક પહોંચી ગયું હતું. વિવેચકો પણ માને છે કે એસોસિએટ રાષ્ટ્રો વધુ વખત રમી




રહ્યા છે અને તેઓ ખૂબ જ સારા થઈ રહ્યા છે. તેઓ વધુ સારા ક્રિકેટ, સારા મેદાન પર હરીફોનો સામનો કરી રહ્યા છે. સ્કોટલેન્ડે ઇંગ્લેન્ડને પણ પાછળ છોડી દીધું, જે વિચિત્ર છે કારણ કે વર્લ્ડકપ શરૂ થયાના એક અઠવાડિયા પહેલા તેમના રમવાની કોઈ સંભાવના નહોતી. પછી બાંગ્લાદેશ-ICC વચ્ચે સંઘર્ષ થયો અને બધું એક સાથે થયું. કોઈ સ્કોટીશ દ્વારા કહેવાયેલી સૌથી પ્રેરણાદાયી વાતોમાંથી એક હળવાશથી ન લો.' કલ્પના કરો કે રમતના ટોચના સ્તરે તેઓ જે વર્ષોથી સક્રિય રહ્યા છે, જે ખેલાડીઓ સાથે તેઓ જોડાયા છે, તે બધા અનુભવો નીચે ટપકતા હોય છે. અને અગત્યનું, તે લોકો દ્વારા પ્રાપ્ત થઈ રહ્યું છે જેઓ આ ધ્યાન માટે ભૂખ્યા છે, જેઓ પોતાને સાબિત કરવા માટે ગમે તે કરશે.

સ્ટુઅર્ટે ઇટાલી માટે જીત લગભગ નક્કી કરી હતી. તે અંગ્રેજી સિસ્ટમનો એક ભાગ હતો. તે કેન્ટ માટે રમ્યો અને 2021માં T20 બ્લાસ્ટ જીત્યો. આ બીજો આધારસ્તંભ છે જેના પર એસોસિયેટ ક્રિકેટ ટકેલું છે. પૂર્ણ સભ્ય ખેલાડીઓ જે પોતાના દેશોમાં ચમક્યા પણ તેમના દેશોમાં તેમના સંબંધો છે. રોલોફ વાન ડેર મેર્વેના દક્ષિણ આફ્રિકાથી નેધરલેન્ડ્સમાં સ્વિચ થવાથી તેને 17 વર્ષની કારકિર્દીનો આનંદ માણવાની તક મળી છે, જેના અંતે તેણે T20 વર્લ્ડકપ વિજેતા માર્લોન સેમ્યુઅલ્સ કરતાં વધુ T20 વર્લ્ડકપ મેચ રમી હશે અને T20 હોલ-ઓફ-ફેમર

**અફઘાનિસ્તાન, નામિબિયા, નેધરલેન્ડ, સ્કોટલેન્ડ અને કેનેડાની જેમ, UAE પણ માને છે કે એસોસિયેટ રાષ્ટ્રોએ ટેસ્ટ રમતા રાષ્ટ્રો સાથે વધુ મેચો રમવી જોઈએ, જેથી આ દેશોના ખેલાડીઓ વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓ સાથે સ્પર્ધા કરીને તેમની કુશળતા સુધારી શકે**

વાક્ય સમજવા જેવું છે કે 'તેઓ આપણો જીવ લઈ શકે છે પણ તેઓ આપણી સ્વતંત્રતા ક્યારેય નહીં છીનવી શકે'. ટ્રુડી લિન્ડબ્લેડે તેના સ્ટાફને દિવસ-રાત કામ કરાવવા માટે આ જે કહ્યું હતું તે પાછળથી રિચી બેરિંગ્ટન અને તેની ટીમે ભારત અને શ્રીલંકામાં આવીને પુરવાર કર્યું. એસોસિએટ સ્તરે લોખંડ લોખંડને તીક્ષ્ણ બનાવે છે અને તે સ્કોટલેન્ડ-નેપાળની મેચમાં જોવા મળ્યું

**ખેલખેલમેં**

ગેરી કર્સ્ટન નામિબિયાને સલાહ આપી રહ્યા છે. રાયન કૂક નેધરલેન્ડ્સ સાથે વધુને વધુ કામ કરી રહ્યા છે. ભારતે 2007માં પ્રથમ T20 વર્લ્ડ કપ જીત્યો ત્યારે તેના મેનેજર રહેલા લાલચંદ રાજપૂત હવે UAE ના રંગ પહેરીને કહી રહ્યા છે કે 'અમને સુનીલ નારાયણ કરતાં વધુ T20 વર્લ્ડકપ વિકેટ લીધી હશે. આ પરસ્પર ફાયદાકારક વ્યવસ્થા, જ્યાં ક્રિકેટરો જે હજુ પણ માને છે કે તેમની પાસે આપવા માટે વધુ છે અને જેમને આવી સેવાઓની જરૂર છે, તેમની મેદાન પર પૂરતી અસર પડી છે.

એસોસિયેટ જીવન ક્યારેક પથ્થર ખેંચવા જેવું લાગે છે, કારણ કે તેઓ જે કેલેન્ડરમાં અટવાઈ જાય છે તેને જોતાં. યુએસએ અને કેનેડા, જે બંને 2024ના T20 વર્લ્ડકપમાં હતા, તેમને ફરીથી પૂર્ણ સભ્ય વિરોધીઓ સામે રમવા માટે આ મેચ સુધી રાહ જોવી પડી. થોડી વધુ તક ફક્ત આ ખેલાડીઓને તેમના મગજને વધુ સારી રીતે પકડી રાખવામાં મદદ કરી શકે છે.•